## પાંડેસરામાં લગ્નના સવા મહિનામાં જ પરિણીતાનો ફાંસો ખાઇ આપઘાત

સુરતઃ મૂળ મહારાષ્ટ્રના ધુલિયા જિલ્લાના વતની કૈલાશ હિદવે હાલમાં પાંડેસરા વિસ્તારમાં આવેલી કર્મયોગી સોસાયટીમાં પરિવાર સાથે રહે છે અને હીરાના કારખાનામાં નોકરી કરે છે. સવા મહિના પહેલા કૈલાશે 18 વર્ષીય પ્રતિક્ષા સાથે લગ્ન કર્યા હતા. મંગળવારે સવારે પ્રતિક્ષાએ પોતાના ઘરમાં ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. મોકલી વધુ તપાસ હાથ ધરી છે. પાંડેસરા પોલીસના પીએસઆઇ શારદા સંગાડાએ જણાવ્યું હતું કે, પ્રતિક્ષાનો જન્મદિવસ ગત તા.1 ઓગસ્ટે હોવાથી તે પોતાના વતન ધુલિયા ગઈ હતી, ત્યારબાદ તા.2 ઓગસ્ટે સુરત પરત આવી કડોદરા ખાતે સંબંધીના ઘરે રોકાઈ હતી. બાદમાં પોતાના નિવાસસ્થાને કોઈ અગમ્ય કારણોસર તેણે આ પગલું ભર્યું હોવાનું તપાસમાં સામે આવ્યું છે.

## લગ્નનાં 30 વર્ષ પછી પણ સંતાન સુખ ન મળતા મહિલાએ ઝેર પીધું

સુરતઃ મૂળ બોટાદ જિલ્લાના વતની રાજેશભાઈ કણજરિયા હાલમાં વરાછા-લંબે હનુમાન રોડ માતાવાડી પાસે આવેલી વર્ષા સોસાયટી વિભાગ-1માં 47 વર્ષીય પત્ની ટીનાબેન સાથે રહે છે. તે રિક્ષા ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. દંપતીના લગ્નનાં ત્રીસ વર્ષ વીતી ગયા હોવા છતાં સંતાન પ્રાપ્તિ થતી ન હતી. જેને કારણે રાજેશભાઇનાં પત્ની ટીનાબેન સતત માનસિક ટેન્શનમાં રહેતા હતા. જેની દવા પણ ચાલતી હતી. કાલે સાંજે ટીનાબેને ઘરમાં ઝેર પી લીધું હતું. ત્યારબાદ પતિને ફોન કરીને કહ્યું કે, ક્યાં છો તમે. મેં એ ઝેર પી લીધું છે. 108 દ્વારા નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં ટૂંકી સારવાર બાદ ટીનાબેનનું મોત થયું હતું.

## ડભોલીમાં આર્થિક સંકડામણમાં આધેડનો આપઘાત

સુરતઃ ડભોલી રોડ પર અવેલ દેવીદર્શન સોસાયટી પાસે છગનદાસની વાડી ખાતે મયુરકુમાર પ્રવીણભાઈ પટેલ (ઉં.વ.48) એક પુત્ર સહિતના પરીવાર સાથે રહેતા હતા અને ઘર બેઠા શેરબજારનું કામકાજ કરતા હતા. આજે બપોરે મયુરકુમારે ઘરમાં ફાંસો ખાઇ લીધો હતો. મયુરકુમાર છેલ્લા બે-ત્રણ દિવસથી ટેન્શનમાં રહેતા હતા. મયુરકુમારે આર્થિક સંકડામણમાં અંતિમ પગલું ભર્યું હોવાનું પરિવારે જણાવ્યું હતું.

## અમરોલીમાં ફ્લેટનો દરવાજો લોક થતાં બે વર્ષની બાળકી ફસાઈ

સુરતઃ અમરોલી ફાયર સ્ટેશનની બાજુમાં આવેલા એલઆઈજી આવાસમાં મંગળવારે સવારે એમઆઈજી બિલ્ડિંગનાં 11મા માળે આવેલા ફ્લેટમાં અંદરના રૂમનો દરવાજો અચાનક લોક થઈ જતાં બે વર્ષની બાળકી ગ્રિશ્મા રૂમમાં એકલી ફસાઈ ગઈ હતી. બાળકીના પિતા પરેશભાઈ દાફળા અને પરિવારના અન્ય સભ્યો ફ્લેટના બીજા રૂમમાં હતા. અનેક પ્રયાસો છતાં દરવાજો ન ખુલતાં પરેશભાઈએ તરત જ બિલ્ડિંગની બાજુમાં આવેલા અમરોલી ફાયર સ્ટેશન પહોંચીને મદદ માંગી હતી. જે સાથે ફાયર બ્રિગેડની ટીમે સાવચેતીપૂર્વક રેસ્ક્યુ કામગીરી હાથ ધરી બાળકી ગ્રિશ્માને સુરક્ષિત રીતે બહાર કાઢી હતી.

## શહેરમાં અચાનક બેભાન થઇ જતાં બે યુવકનાં મોત

સુરતઃ મૂળ ભાવનગરના 40 વર્ષીય ભાવેશ હિંમતભાઈ માંગુકિયા પુણાગામ કિરણ પાર્ક સોસાયટીમાં પરિવાર સાથે રહેતો હતો. તે મહિધરપુરા ખાતે ભોજાભાઇની શેરીમાં ગોપીનાથ બિલ્ડિંગમાં આવેલી હીરાની ઓફિસમાં જમીને બેઠો હતો. ત્યારે અચાનક બેભાન થઈ ગયા બાદ મોતને ભેટ્યો હતો. બીજા બનાવમાં, 41 વર્ષીય મનોજ વસંતભાઈ વાઘ હાલમાં ઈચ્છાપોરમાં આવેલ ક્રિભકો ટાઉનશીપની કેન્ટીનના સ્ટાફ રૂમમાં રહેતો અને ત્યાં જ કામ કરતો હતો. સોમવારે સાંજે અચાનક બેભાન થઈ ગયો હતો. જેથી તેને સારવારાર્થે કંપનીની હોસ્પિટલમાં લઇ જવાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત

# નાસીરનગર વિવાદ: મનપાએ માત્ર 26 પિટિશનરનો જ સરવે શરૂ કરતાં હોબાળો

**માત્ર** કોર્ટમાં ગયા તે જ નહીં પણ તમામ પીડિતોનો સરવે કરવા માંગ ઊઠી

**સ્થાનિક** કોર્પોરેટર અને એડ્વોકેટની મધ્યસ્થતા બાદ તમામ અસરગ્રસ્તોને સરવેમાં સમાવવા પડ્યા



સુરતઃ નાસીરનગરમાં મનપાએ જેણે હાઈકોર્ટમાં પિટિશન કરી છે તેટલા લોકોનો જ સરવે શરૂ કરતાં હોબાળો થયો હતો. જોકે, બાદમાં સ્થાનિક કોર્પોરેટર અને એડ્વોકેટની મધ્યસ્થાથી મામલો થાળે પડ્યો હતો.

અદાલતી આદેશ બાદ મંગળવારે જ્યારે સેન્ટ્રલ ઝોનની ટીમ સરવે માટે પહોંચી, ત્યારે માત્ર પિટિશનરો પૂરતી કામગીરી સીમિત રાખવાનો પ્રયાસ થતાં સ્થાનિકોમાં રોષ ફેલાયો હતો. જોકે, રહીશોની જાણ બાદ તુરંત સ્થળ પર પહોંચેલા કોર્પોરેટર અને વકીલે પાલિકાના કર્મચારીઓ સાથે રજૂઆત કરીને તમામ પીડિત રહીશોને ન્યાય મળે તે હેતુથી સમગ્ર વિસ્તારનો વિધિવત સરવે શરૂ કરાવ્યો હતો. એડ્વોકેટ ધવલ રાણાએ જણાવ્યું હતું કે, સ્થાનિક કોર્પોરેટર અરશદભાઈ ઝરીવાલા, અસલમભાઈ સાયકલવાલા અને અમારી રજૂઆતના આધારે SMCની ટીમ દ્વારા તમામ ઘરો જે જેટલાં પણ ઘરો ડિમોલિશ થયાં છે હાફ થયા કે ફૂલ થયા એ તમામ ઘરોનો સરવે ચાલુ થઈ ગયો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગત તારીખે પાલિકાએ એફિડેવિટ કરીને એવું જાહેર કર્યું હતું કે, 59 ઘર ડિમોલિશ થયાં છે અને એમણે એવું બતાવ્યું કે અમારી પાસે 120 વૈકલ્પિક આવાસ પડેલાં છે. તો જે ઘરો ડિમોલિશ થયાં છે, જે ઈફેક્ટેડ પરિવાર છે, એ લોકોને હવે સરવે કરી અકોમોડેટ કરીશું. જોકે, હવે આગામી દિવસોમાં આ મામલે શું થાય છે તે જોવું રહ્યું!

### અસરગ્રસ્તોના પુનવર્સન માટે ઉચ્ચ અધિકારીઓની મોનિટરિંગ કમિટી રચાઈ

નાસીરનગર ડિમોલિશન કેસમાં અસરગ્રસ્ત રહીશોના વૈકલ્પિક આવાસના પુનર્વસનને લઈને મનપા તંત્રએ વૈકલ્પિક આવાસોની ફાળવણી પ્રક્રિયાનું નિરીક્ષણ અને મોનિટરિંગ કરવા માટે ત્રણ સભ્યોની અધિકારીની કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટીમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર નિધિ સિવાચ, એડિશનલ સિટી ઇજનેર તથા ઇનચાર્જ સિટી ઇજનેર એમ.ડી.ચાવડા અને ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર સ્વાતિ દેસાઈનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# ખેડૂતના જમીન સંપાદનના રૂ.૧ કરોડ લઈ બિલ્ડરે હાથ ખંખેરી લીધા

**રેરા** અપ્રૂવલ માટે ઉછીના લીધેલા રૂપિયા પરત માંગતા દુકાન બતાવી વધુ 54 લાખ માંગ્યા

**બેંક** ચેક પણ બાઉન્સ થતાં મામલો પોલીસ ચોપડે પહોંચ્યો

સુરતઃ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે યોજનામાં જમીન ગુમાવનાર જહાંગીરપુરાના ખેડૂત પાસેથી રેરા અપ્રૂવલ માટે રૂ.૧ કરોડ ઉછીના લઈ નાણાં પરત ન કરનાર પાલના બિલ્ડર સામે જહાંગીરપુરા પોલીસે ગુનો નોંધ્યો હતો.

જહાંગીરપુરા સ્થિત સ્વયંમ રેસિડેન્સીમાં રહેતા ૫૩ વર્ષીય ખેડૂત કિરીટભાઈ ઠાકોરભાઈ પટેલની મોટી નરોલી ખાતે આવેલી જમીન દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પ્રોજેક્ટમાં સંપાદિત થઈ હતી. જેના બદલામાં સરકાર તરફથી તેમને રૂ.૧.૩૩ કરોડનું વળતર મળ્યું હતું. ખેડૂતના પત્નીના સંબંધી અને કન્સ્ટ્રક્શન બિઝનેસ સાથે સંકળાયેલા બિલ્ડર પિંકેશ સુરેશભાઈ પટેલ (રહે., કેલી રેસિડેન્સી, ગેલેક્સી સર્કલ, પાલ)એ પોતાની સાઈટના રેરા અપ્રૂવલ માટે નાણાંની જરૂરિયાત હોવાનું કહી ૨૮ માર્ચ ૨૦૧૮ ના રોજ આરટીજીએસ (RTGS) મારફતે રૂ.૧ કરોડ મેળવી લીધા હતા. નક્કી કરેલી મુદત વીતી ગયા છતાં બિલ્ડરે નાણાં પરત ન આપતા અવારનવાર મુદતો માંગી હતી. સપ્ટેમ્બર ૨૦૧૯માં બિલ્ડરે આનંદ મહેલ રોડ ખાતે આવેલી ગ્રીનએલી બિલ્ડિંગની દુકાન નં.૨૦૫ અને ૨૦૬ની કિંમત રૂ.૧.૫૪ કરોડ બતાવી, સામે બીજા રૂ.૫૪ લાખ માંગ્યા હતા. ખેડૂતે વધુ નાણાં આપવાની અસમર્થતા દર્શાવી મૂળ રકમ પરત માંગતા બિલ્ડરે રૂ.૩૦૦ ના સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝડ લખાણ કરી આપ્યું હતું અને તારીખ વગરના બેંક ચેક આપ્યા હતા. જે રિટર્ન થયો હતો. ત્યારબાદ બિલ્ડરે ખેડૂતનો ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું અને ઉડાઉ જવાબો આપવાનું શરૂ કર્યું હતું.

છેતરપિંડી થતાં કિરીટભાઈ પટેલે પોલીસ ફરિયાદ કરતાં આગળની વધુ તપાસ સુરત ક્રાઈમ બ્રાન્ચની આર્થિક ગુના નિવારણ શાખા (EOW)ના પોલીસ ઈન્સ્પેક્ટર કે.વી. બારિયા ચલાવી રહ્યા છે.

# માત્ર રૂપિયા 700ની લેતીદેતીમાં હત્યા કરનારને આજીવન કેદ

**લિનિયર** બસ સ્ટેશન નજીક ટ્રાફિક ક્રેઈન પર નોકરી કરનારની હત્યા થઈ હતી

સુરતઃ માત્ર 700 રૂપિયાની લેતીદેતીમાં થયેલી ઘાતકી હત્યા કેસમાં આરોપી મનુ નાથા બજાણિયાને સેશન્સ કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી અને 5 હજારનો દંડ ફટકાર્યો હતો.

આ કેસની હકીકત એવી હતી કે તા.૨૩/૦૨/૨૦૨૩ના રોજ સાંજના સાડા સાતેક વાગે ફરિયાદી વિજય લવકુશ દેવીપૂજકનાં દીકરા વિક્કીની મહિધરપુરા, લિનિયર બસ સ્ટેશન પે એન્ડ યુઝ ટોયલેટના દરવાજા પાસે ફૂટપાથ ઉપર હત્યા થઈ હતી. આરોપી મનુ બજાણિયાએ રૂપિયા ૭૦૦ની ઉઘરાણી કરતાં વિક્કીએ ગાળો આપતા આરોપીએ ગુસ્સે થઈ ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરી હતી.

મૃતક વિક્કી ટ્રાફીક શાખાની ક્રેઈન પર નોકરી કરતો હતો અને સહારા દરવાજા પાસેની ઓફિસેથી પગાર લઈ ઘર તરફ જતી વેળા આરોપી સાથે ઝઘડો થયો હતો. હત્યા કરનાર આરોપી સ્ટેશન વિસ્તારમાં નાક-કાન વિંધવાનુ કામ કરતો હતો. મહિધરપુરા પોલીસે આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી દરમિયાન ફરિયાદી પક્ષે સરકારી વકીલ ઉમેશ પાટીલ કેસ પુરવાર કરવામાં સફળ થયાં હતાં. કોર્ટે બન્ને પક્ષની રજૂઆત અને પુરાવાને ધ્યાને રાખી આરોપી મનુ બજાણિયાને આજીવન કેદની સજા અને ૫ હજારનો દંડ ફટકાર્યો હતો.

### પાણી ભરાવાની સમસ્યા બાદ સુરત શહેરમાં ઠેર-ઠેર ખાડા





■ વરસાદમાં પાણી ભરાવાની સમસ્યાનો સામનો કર્યા બાદ સુરતીઓ માટે શહેરના ખાડાગ્રસ્ત રસ્તાઓનો મોટો પડકાર સામે ઊભો છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ચોમાસા સાથે જ રસ્તા પર મસમોટા ખાડા પડી ગયા છે, તો વેડ રોડ પંડોળ પર તૂટી ગયેલા ઢાંકણ સાથે દેખાતી આ ગટર સાક્ષાત યમદૂતની જેમ તેનો શિકાર શોધી રહી હોય તેમ લાગી રહ્યું છે. **(તસવીર : સતીષ જાદવ)**

# મગજની બીમારીથી કંટાળીને ધો.11ની વિદ્યાર્થિનીનો આપઘાત

**ઓપેરા** ઇન્ટરનેશનલ સ્કૂલના ધો.11માં અભ્યાસ કરતી ક્રિષા છેલ્લાં બે-એક વર્ષથી મગજની બીમારીથી પીડાતી હતી

સુરતઃ પાસોદરામાં મગજની બીમારીથી કંટાળીને ધોરણ-11ની વિદ્યાર્થિનીએ ઝેર પીને જીવન ટૂંકાવી લીધું હતું.

મળતી માહિતી મુજબ, મૂળ અમરેલીના બગસરા તાલુકાના ખીજડિયા ગામના વતની જયેશભાઈ સાવલિયા હાલમાં પાસોદરા વિસ્તારમાં આવેલી ચિત્રકૂટ રેસિડેન્સીમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહે છે. જયેશભાઈની 15 વર્ષીય પુત્રી ક્રિષા પાસોદરા ગામમાં આવેલ ઓપેરા ઈન્ટરનેશનલ સ્કૂલના ધોરણ-11 કોમર્સમાં અભ્યાસ કરતી હતી. ક્રિષા છેલ્લાં બેએક વર્ષથી મગજની બીમારીથી પીડાતી હતી. જેની દવા પણ ચાલુ હતી. સોમવારે માતા અને પુત્ર સખી સ્નેહમિલનમાં ગયા હતા. તે દરમિયાન સાંજે ક્રિષાએ ઘરમાં ઝેર પી લીધું હતું.

પિતા ઘરે આવતા ઘટનાની જાણ થતા જ તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન રાત્રે ક્રિષાનું મોત નિપજ્યું હતું. ક્રિષાએ મગજની બીમારીથી કંટાળી આપઘાતનુ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે વધુ તપાસ લસકાણા પોલીસ કરી રહી છે.

# શિક્ષણસમિતિનાપૂર્વસભ્યની બાંધકામ તોડાવવાના નામે ચાર લાખની તોડબાજી

**લિંબાયતમાં** બિલ્ડરને ધમકાવનાર કોંગ્રેસમાંથી સસ્પેન્ડેડ નેતા રઈશ શેખ સ્ટિંગ ઓપરેશનમાં આબાદ ઝડપાયો

સુરતઃ લિંબાયતમાં બાંધકામ તોડી પાડવાનો ભય બતાવી બિલ્ડર પાસે રૂ.૪ લાખની ખંડણી માંગવાના પ્રકરણમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના પૂર્વ સભ્ય અને શાંતિ સમિતિના સભ્ય રઈશ અહમદ શેખ વિરુદ્ધ લિંબાયત પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

ઉધનામાં રહેતા અને પેકિંગ મટિરિયલ્સનો વેપાર કરતા જુબેર ખલીઉલ્લા અંસારી (ઉં.વ.૩૦) નામના બિલ્ડરે લિંબાયતના ગોવિંદનગર ખાતે પ્લોટ નં.૩૧૪ અને ૩૧૫ ખરીદી કાયદેસરનું બાંધકામ શરૂ કર્યું હતું. દરમિયાન ૧૭ જુલાઈ-૨૦૨૬ના રોજ આરોપી રઈશ શેખ બિલ્ડરની 'ઉબેત ફોમ' નામની ઓફિસે પહોંચ્યો હતો અને ધમકી આપી હતી કે, તમારું બાંધકામ ગેરકાયદે છે અને SMC વાળા પાસે તોડાવી દઈશ. બાંધકામ બચાવવા માટે રૂ.૪ લાખની ઉઘરાણી કરી હતી. ત્યારબાદ બિલ્ડરને સતત માનસિક ત્રાસ આપતો હતો. આરોપીની સતત ધમકીઓ અને તોડબાજીથી કંટાળી ગયેલા બિલ્ડરે હિંમત દાખવી પર્દાફાશ કરવાનું નક્કી કર્યું હતું. આરોપી જ્યારે પણ નાણાંની માંગણી કરવા આવતો ત્યારે ફરિયાદીએ ચાલાકીપૂર્વક તેનું વિડીયો અને ઓડિયો રેકોર્ડિંગ કરી લીધું હતું. આરોપી ખુલ્લેઆમ SMCનો ડર બતાવી ખંડણી માંગતો કેમેરામાં કેદ થઈ ગયો હતો. પરિવારે પીઠબળ આપતાં બિલ્ડરે તમામ નક્કર પુરાવા સાથે લિંબાયત પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવી હતી.

### પક્ષવિરોધી પ્રવૃત્તિ બદલ પક્ષમાંથી પહેલા જ સસ્પેન્ડ કરાયો હતો

આરોપી રઈશ શેખ વર્ષ-૨૦૧૦થી ૨૦૧૫ દરમિયાન નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરતનો સભ્ય રહ્યો હતો. તેની પક્ષવિરોધી પ્રવૃત્તિઓ અને તોડબાજીની અવારનવાર ફરિયાદો મળતાં સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલભાઈ ઉધનાવાલાએ તેને ૬ મહિના અગાઉ જ પક્ષમાંથી સસ્પેન્ડ કરી દીધો હતો.

## હત્યાના ગુનામાં સંડોવાયેલો કુખ્યાત શખ્સ ધારદાર છરી સાથે ઝડપાયો

સુરત : ડિંડોલી પોલીસ નવાગામ રેલ્વે ટ્રેક પાસેથી શંકાસ્પદ યુવક હાલતમાં મળી આવ્યો હતો. પોલીસ ટીમે તેની અંગજડતી લેતા તેની પાસેથી એક અતિશય ધારદાર છરી મળી આવતા તેની અટક કરી હતી. તેની કડક પૂછપરછ હાથ ધરતા આરોપીએ પોતાનું નામ સુમિત અશોક કામલે (રહે. કૈલાશ નગર, નવાગામ, ડિંડોલી, સુરત) હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ તેની વિગતોની ઊંડાણપૂર્વક તપાસ કરતા સામે આવ્યું હતું કે, આરોપી અગાઉ ડિંડોલી પોલીસ મથકમાં નોંધાયેલા હત્યાના એક ગંભીર ગુનામાં પણ સંડોવાયેલો છે. આરોપી વિરુદ્ધ વર્ષ ૨૦૨૩માં ડિંડોલી પોલીસ મથકે હત્યા, હત્યાનો પ્રયાસ, મારામારી, રમખાણ અને અન્ય ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાયેલો છે.

# ચાલકે ચાલુ રિક્ષામાં છેડતી કરતાં મહિલા રસ્તા પર કૂદી પડી

**માતાની** શોધમાં બિહારની પરિણીતા સુરત આવી હતી, ઈજા પહોંચતા સ્મીમેરમાં દાખલ

સુરતઃ રિક્ષાના ચાલાકે કતારગામ તાપી નદીના પાળા પાસે એક ૨૮ વર્ષીય મહિલાની ચાલુ રિક્ષામાં છેડતી કરી હતી. મહિલાએ પોતાની આબરૂ બચાવવા ચાલુ રિક્ષાએ કૂદકો મારતા ઈજાઓ પહોંચી હતી.

મૂળ ઉત્તર પ્રદેશના દેવરિયા જિલ્લાની વતની અને હાલ બિહાર સ્થિત ૨૮ વર્ષીય યુવતી પોતાના ૧૫ મહિનાના પુત્ર અને પતિ સાથે વતનમાં બનેલા અણબનાવ બાદ સુરતના અમરોલી વિસ્તારમાં રહેતી પોતાની માતાની શોધમાં આવી હતી. પરંતુ અમરોલી ખાતે માતા ન મળતા તે વતન પરત જવા માટે ૩૧ જુલાઈની મોડી રાત્રે સુરત રેલવે સ્ટેશન પહોંચી હતી. સ્ટેશનેથી ટ્રેન ન મળતા તેણે ફરી અમરોલી જવાનું નક્કી કર્યું હતું. દરમિયાન, સવારે આશરે સાડા ચારેક વાગ્યે તેણે રેલવે સ્ટેશન બહારથી ઓટો રિક્ષા ભાડે કરી હતી. ભૂખ લાગી હોવાથી રિક્ષાવાળાએ તેને નાસ્તો કરાવ્યા બાદ રિક્ષામાં ગેસ પુરાવી અમરોલી તરફ જવાનું કહી રિક્ષા ઉપાડી હતી.

અવાવરૂ રસ્તે લઈ જઈ છેડતી કરી, મહિલાએ કુદકો માર્યો

થોડું અંતર કાપ્યા બાદ અલગ રસ્તો જોઈ મહિલાએ પૂછપરછ કરતાં રિક્ષાવાળાએ બીજો રસ્તો હોવાનું બહાનું બતાવ્યું હતું. ત્યારબાદ કતારગામ તાપી નદીના પાડા પર રિક્ષા ચલાવતી રિક્ષાચાલકે ચાલુ રિક્ષામાં જ મહિલાની છેડતી કરવાનું શરૂ કર્યું હતું. પોતાની સુરક્ષા અને આબરૂ બચાવવા માટે ગભરાયેલી મહિલાએ ચાલુ રિક્ષામાંથી નીચે કૂદકો મારી દીધો હતો. જેના કારણે તેને જમણી આંખ, ગાલ અને નાકના ભાગે ગંભીર ઈજાઓ થતાં લોહી નીકળવા લાગ્યું હતું. રિક્ષાચાલકે તેને ફરી બેસવા દબાણ કર્યું હતું, પરંતુ મહિલાએ ના પાડતા આરોપી ત્યાંથી રિક્ષા લઈને ભાગી છૂટ્યો હતો. ઘટના સ્થળે અન્ય એક રિક્ષાચાલકે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરી મદદ કરી હતી. મહિલાને સારવાર અર્થે સ્મિમેર હોસ્પિટલના ગાયનેક વોર્ડમાં દાખલ કરાઈ હતી. અજાણ્યા રિક્ષાચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા કતારગામ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ઉધનામાં મોબાઈલ ચોરીની શંકાએ યુવક પર ગંભીર મોબ લિંચિંગ

**ખરવર** નગર BRTS જંક્શન નજીક 7થી 8 લોકોના ટોળાએ યુવકને ઘેરી ઢોર માર માર્યો, વિડીયો વાયરલ

સુરતઃ ઉધના વિસ્તારમાં આવેલા ખરવર નગર BRTS જંક્શન નજીક રસ્તા પરથી પસાર થઈ રહેલા એક અજાણ્યા યુવક પર મોબાઈલ ચોરીની શંકા રાખીને લોકોના ટોળાએ અમાનુષી અત્યાચાર આચર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. 7થી 8 લોકોના ઉશ્કેરાયેલા ટોળાએ યુવકની કોઈ પણ વાત સાંભળ્યા વગર તેને ચારેય તરફથી ઘેરી લીધો હતો અને સરેઆમ લાતો તેમજ મુક્કાઓથી ઢોર માર માર્યો હતો.

આ સમગ્ર હિંસક ઘટનાનો વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ ભારે રોષનો માહોલ સર્જાયો છે. ચોરીની શંકા હોવા છતાં યુવકને પોલીસને હવાલે કરવાને બદલે આ રીતે રસ્તા પર કાયદો હાથમાં લેવાની ટોળાની બર્બરતા સામે સ્થાનિક નાગરિકોમાં વિરોધ જોવા મળી રહ્યો છે.

પોલીસે વાયરલ વિડીયો અને આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે હુમલો કરનારા તમામ અજાણ્યા ઈસમોની ઓળખ મેળવવાની તજવીજ હાથ ધરી છે. પોલીસે સ્પષ્ટ ચીમકી આપી છે કે કાયદો હાથમાં લેવાનો કે મોબ લિંચિંગ કરવાનો અધિકાર કોઈને નથી અને આરોપીઓ સામે સખત કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

# તોડબાજી માટે કુખ્યાત કથિત પત્રકાર પરવાના સામે વધુ એક ગુનો નોંધાયો

**ગળા** પર લોખંડનો સળિયો મૂકી જાનથી મારી નાંખવાની ધમકી આપી રૂપિયા ૩.૫૦ લાખ પડાવ્યા

સુરત : લિંબાયત ઝોનના મનપાના તત્કાલિક કાર્યપાલક ઈજનેરના વચેટિયા કથિત પત્રકાર પરવાના સામે વધુ એક તોડબાજીનો ગુનો નોંધાયો છે.

લિંબાયતની બુદ્ધ સોસાયટીમાં રહેતા અને ચિકન-મટનનો વેપાર કરતા મુસ્તાક શબ્બીર ખટિકના મોટાભાઈ અસ્ફાક ખટિકના નામે મકાન નં. ૧૩૩ માં ચાર માળનું નવું બાંધકામ ચાલતું હતું. ઓક્ટોબર ૨૦૨૫ માં પોતાને 'ગુજરાત પત્રિકા' અખબારનો પત્રકાર ગણાવતો મોહંમદ ઈસ્લામ ઉર્ફે પરવાના ત્યાં પહોંચ્યો હતો અને બાંધકામ ગેરકાયદે હોવાનું કહી SMC માં અરજી કરી તોડાવી પાડવાની ધમકી આપી હતી. ત્યારબાદ તા. ૧ નવેમ્બર ૨૦૨૫ ના રોજ પાલિકાની નોટિસ આવી હતી અને ડિસેમ્બરની શરૂઆતમાં ચોથા માળનું બાંધકામ તોડી પાડવામાં આવ્યું હતું. ડિમોલિશનના દિવસે જ પરવાનાએ ત્યાં આવી બાકીના ત્રણ માળ બચાવવા માટે ૬,૦૦,૦૦૦ ની માંગણી કરી હતી. વેપારીએ આટલી મોટી રકમ આપવાની અસમર્થતા દર્શાવતા આરોપી ઉત્તેજિત થઈ ગયો હતો. તેણે બાંધકામના સ્થળે પડેલો લોખંડનો સળિયો વેપારીના ગળા પર મૂકી દીધો હતો અને ધમકી આપી હતી કે રૂપિયા નહીં આપે તો બાંધકામ પણ તૂટશે અને જીવ પણ ખોવો પડશે. સમજાવટ કરતા આખરે રૂપિયા ૩,૫૦,૦૦૦ માં સોદો નક્કી થયો હતો. ગભરાઈ ગયેલા વેપારીએ બીજા જ દિવસે આરોપીને સાડા ત્રણ લાખ રોકડા આપી દીધા હતા. આરોપી માથાભારે હોવાથી વેપારીએ તે સમયે પોલીસ ફરિયાદ કરી નહોતી.

# અમરોલી ગોથાણ રોડ પર ટેમ્પોમાં અચાનક આગ લાગી

**ચાલક** સમયસર કૂદી પડતાં જીવ બચ્યો



સુરતઃ શહેરના અમરોલી ગોથાણ રોડ પર સોમવારે રાત્રે દોડતા એક ફોર-વ્હીલ ટેમ્પોમાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી. જોતા જોતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ટેમ્પોની કેબિન સહિત પાછળનો ભાગ ભડભડ સળગી ઊઠ્યો હતો. ટેમ્પોના ચાલકે સમયસૂચકતા દાખવી તાત્કાલિક વાહનમાંથી નીચે ઉતરી જતાં તેનો આબાદ બચાવ થયો હતો. ઘટનામાં કોઈ જાનહાની કે ઈજા નોંધાઈ નથી.


